| દાખલ તારીખ | 20–8–2020 |
|---|---|
| રજીસ્ટરે લીધા તારીખ | 20–8–2020 |
| ફેસલ તારીખ | 26–06–2022 |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

**રાજકોટના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મેઈન) સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. રાજકોટ**

**ક્રીમી. કેસ નં–7063/2020**
**આંક– 7**

**ફરીયાદી–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી–** (૧) સંદીપભાઈ પરસોતમભાઈ આંબલીયા
(૨) અનીલભાઈ પરસોતમભાઈ આંબલીયા

---

**ગુનોઃ – ભારતીય દંડ સહિતાની કલમ–૨૬૯ મુજબ...**

---

**–ઃ ચુકાદો ઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ઈ.પી.કોડની ક.૨૬૯ મુજબનો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આજરોજ આરોપીએ હાજર થઈ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ **આંક– ૪** થી રજુ હોય જેથી **આંક–૫ અને ૬** થી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો

ના થાય તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. આરોપીએ કરેલ ગુનામાં છ માસની કેદ અથવા દંડ અથવા બન્ને જોગવાઇ છે. આમ કોર્ટને કાયદા દ્વારા સત્તા આપવામાં છે કે તે દંડ અથવા સજા અથવા બન્ને કરી શકે. હાલના કામે દંડ કેટલો કરવો તેની જોગવાઇ કરેલ નથી. જેથી સદર કેસની હકિકત જોતા, આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત કોરોના મહામારી પછી ઉપસ્થીત થયેલ પરિસ્થીતી ધ્યાને રાખતા વ્યાજબી અને ઉચીત નીર્યણ કરવો જરૂરી જણાય છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## ::: <u>હુકમ</u> :::

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ ઇ.પી.કોડની ક.૨૬૯ મુજબના ગુના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુનો કરવા બદલ આરોપી દીઠ રૂ.100/– (અંકે રૂપિયા સો પુરા) એટલે કુલ રૂા. ૨૦૦/– નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–1 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તા.૨૬/૦૬/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :રાજકોટ.
તારીખ :૨૬/૬/૨૨

(શીતલ વેંકટેશન મુદલીયાર)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(મેઈન),રાજકોટ.
કોડ નં. જીજે ૦૧૨૧૭